# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૨૯૫ તા. ૧૧-૦૮-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

## ગયા અઠવાડિયા દરમિયાન ૩૮૦૦૦નું મહત્ત્વનું લેવલ પણ પસાર થઈ ગયું

### વૈશ્વિક જીડીપીમાં ભારતનો હિસ્સો હવે ચીન પછી બીજા નંબર ઉપર

સેન્સેક્સ અને નિફ્ટીએ સતત નવા ટોપ બનાવવાનું ચાલુ રાખ્યું છે અને ગયા અઠવાડિયા દરમિયાન ૩૮૦૦૦નું મહત્ત્વનું લેવલ પણ પસાર થઈ ગયું હતું. ગુજરાતના અમુક વિસ્તારો સિવાય દેશભરમાં ચોમાસું ખૂબ જ સંતોષકારક થયું છે અને તેને કારણે આ વખતે કૃષિ ઉત્પાદન ખૂબ જ બમ્પર થશે તે આશાવાદ વધતો જાય છે અને તેની સીધી અસર સેન્ટીમેન્ટ ઉપર છે.

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ દ્વારા ભારત આવતાં ૩૦ વર્ષ સુધી વિશ્વના વૃદ્ધિદરને આગળ વધારશે તેવો રિપોર્ટ આપ્યા પછી તેની પણ સેન્ટીમેન્ટ ઉપર અસર થઈ હતી અને વૈશ્વિક જીડીપીમાં ભારતનો હિસ્સો હવે ચીન પછી બીજા નંબર ઉપર આવી ગયો છે. વૈશ્વિક જીડીપીમાં ચીનનો હિસ્સો ૩૦ ટકા છે. જ્યારે ભારત હવે ૧૫ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે સમગ્ર યુરોપનો કુલ હિસ્સો પણ ૧૫ ટકા છે અને તે રીતે વૈશ્વિક અર્થતંત્રમાં



ભારતનું મહત્ત્વ નોંધપાત્ર વધ્યું હોવાનું ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે સ્વીકાર્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ પોઝિટીવ સમાચારો જળવાઈ રહ્યા છે અને જુલાઈ મહિના દરમિયાન અમેરિકામાં ૧૫૭૦૦૦ નવી રોજગારીઓ ઊભી થઈ હતી. એનાલિસ્ટોને ૧૯૦૦૦૦ નવી રોજગારીઓ ઊભી થશે તેવી અપેક્ષા હતી અને તેની સરખામણીમાં ઓછી રોજગારીઓ ઊભી થઈ છે. તેમ છતાં અમેરિકાના ત્રણેય મહત્ત્વના ઈન્ડેક્સ સતત નવા ટોપ દર્શાવ્યે જાય છે. ગયા અઠવાડિયે આઈટી કંપનીઓના પ્રોત્સાહક પરિણામો પછી નાસ્ડેકમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. સામે પક્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ૩.૨ ટકા ઘટીને ૭ અઠવાડિયાના બોટમ ૬૬.૯૪ ડોલર ઉપર આવી ગયા છે અને તેને કારણે પણ સેન્ટીમેન્ટમાં મજબૂતી છે. પરંતુ સપ્તાહના આખરમાં

ચીન દ્વારા અમેરિકન માલસામાનની આયાત ઉપર નવા ટેરિફ લાદ્યા છે અને આ સમાચાર આવ્યા પછી અમેરિકન શેરબજારોમાં થોડો ઘટાડો જોવાયો હતો.


ચીનના કોમર્સ મંત્રાલય દ્વારા અમેરિકાથી આયાત થતા ૧૬ બિલિયન ડોલરના માલસામાન ઉપર ૨૫ ટકા ચાર્જ લેવાનું જાહેર કર્યું છે અને તેમાં વાહનો ઉપરાંત મોટરસાયકલ, વિવિધ પ્રકારના ફ્યુઅલ, ફાઈબર ઓપ્ટિક કેબલ વગેરેનો સમાવેશ થાય છે અને આ નવા ટેરિફ ૨૩મી ઓગસ્ટથી અમલમાં આવશે. સામે પક્ષે અમેરિકા દ્વારા ચીનથી આયાત થતી ૫૦ મિલિયન ટનની ચીજવસ્તુઓ ઉપર ૨૫ ટકા ડ્યુટી લાદી હતી અને તે પછી ચીન દ્વારા આ પગલું લેવાયું અને આ સમાચાર પછી અમેરિકાની ટોચની નિકાસકાર કંપનીઓ કેટરપિલર અને બોઈંગના શેરના ભાવમાં ૧થી ૨ ટકાનો ઘટાડો થયો હતો.

વૈશ્વિક ઈન્વેસ્ટરોનું ફોકસ અત્યારે અમેરિકા અને ચીનના વ્યાપાર ડેવલપમેન્ટ ઉપર છે. એક તરફ વૈશ્વિક ઈન્વેસ્ટરો અમેરિકન અર્થતંત્રના સુંદર ફંડામેન્ટલથી ખુશ છે અને તેમના કોર્પોરેટ કમાણીના આંકડા પણ સતત પ્રોત્સાહક આવતા જાય છે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સની ૫૦૦ કંપનીઓમાંથી ૯૦ ટકા કંપનીઓએ પોતાના બીજા ક્વાર્ટરના પરિણામો રજૂ કરી દીધા અને તેમાંથી લગભગ ૭૬ ટકા કંપનીઓએ અપેક્ષા કરતાં ઘણાં જ સારા પરિણામો રજૂ કર્યા છે અને મુખ્યત્વે એમેઝોન અને એપલ દ્વારા એનાલિસ્ટોની અપેક્ષા કરતાં ઘણાં જ સારા પરિણામો રજૂ થયા અને તે પાછળ ઈન્ડેક્સમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. અમેરિકન એનાલિસ્ટોના મંતવ્ય મુજબ વેચાણોમાં ૯ ટકાનો અને નફામાં ૨૪ ટકાનો ઉછાળો ટેરિફ કરતાં પણ વધારે અસરકારક છે અને તેને કારણે અમેરિકન શેરબજારો આગામી દિવસોમાં પણ મજબૂત રહેશે તે સંભાવના મજબૂત છે.

ભારતમાં પણ કંપનીઓના પરિણામો અપેક્ષા કરતાં ઘણાં જ પ્રોત્સાહક આવતા જાય છે. સિમેન્ટ સેક્ટરના વેચાણોના આંકડા પ્રોત્સાહક છે. પરંતુ ગયા ક્વાર્ટર દરમિયાન ફ્યુઅલ ખર્ચમાં તોતિંગ ઉછાળો આવ્યો હોવાથી તેની અસર નીચે નેટ નફા ઘટ્યા છે. સામે પક્ષે બેન્કોના નુકસાન અપેક્ષા મુજબ આવી રહ્યા છે. પરંતુ આ નુકસાન બેલેન્સશીટ ચોખ્ખું કરવાની પ્રક્રિયાનો છેલ્લો હિસ્સો છે તેમ હવે બહુમતી એનાલિસ્ટો માને છે અને તે પાછળ જ મોટા ભાગના બેન્ક શેરો અને બેન્ક નિફ્ટી ગયા અઠવાડિયે સતત વધ્યા હતા.

આગામી દિવસોમાં હવે એફએમસીજી, ટેક્સટાઈલ કંપનીઓના પરિણામો આવવાનું શરૂ થશે અને અત્યાર સુધી આવેલા એફએમસીજી અને ટેક્સટાઈલ કંપનીઓના પરિણામો અપેક્ષા કરતાં ઘણાં જ સારા આવ્યા છે અને તેથી સેન્ટીમેન્ટ બુલીશ રહેશે તેવી ગણતરી છે.

ગયા અઠવાડિયે એચડીએફસી એસેટ મેનેજમેન્ટનું એનાલિસ્ટોની અપેક્ષા કરતાં પણ ઘણું જ જોરદાર લિસ્ટીંગ થયું હતું અને હવે ઓગસ્ટના પાછલા હિસ્સામાં એક પછી એક આઈપીઓ જે રીતે આવી રહ્યા છે તેને કારણે રિટેલ ઈન્વેસ્ટરોનું ફોકસ હવે સેકન્ડરી માર્કેટ કરતાં રિટેલ માર્કેટ ઉપર જ રહેશે તેવી ગણતરી છે અને તે અસર નીચે મૂડીબજારમાં પૈસો સતત ફરતો રહે તે સંભાવના મજબૂત છે.




બેન્કિંગ શેરોમાં અને બેન્ક ઈટીએફ અને બેન્કિંગલક્ષી મ્યુચ્યુઅલ ફંડમાં ફોકસ કરવાનું છેલ્લાં ૪ અઠવાડિયાથી સતત દર્શાવીએ છીએ અને જે રોકાણકારોએ તે મુજબ અભિગમ અપનાવ્યો તેને ખૂબ જ સુંદર ફાયદો મળ્યો છે.

**આઈસીઆઈસીઆઈ બેન્ક**ના નબળા પરિણામ છતાં પણ તે શેર કવર કરવાનું કહ્યું હતું અને આઈસીઆઈસીઆઈ બેન્ક અત્યારે રૂ. ૩૩૩ ઉપર તો આવી ગયો અને આગામી દિવસોમાં આ બેન્કમાં પોઝિટીવ સમાચારોના સપોર્ટ સાથે ઝડપી વૃદ્ધિની ગણતરી છે.

તેવી જ રીતે **આઈડીબીઆઈ બેન્ક** એલઆઈસીએ હસ્તગત કર્યા પછી તેમાં પણ ઉછાળાનો ટ્રેન્ડ જોવાયો છે અને ચાણક્યને મુંબઈથી મળતી માહિતી મુજબ લગભગ ૧ વર્ષ પછી આઈડીબીઆઈ બેન્કનું એલઆઈસી સાથે મર્જર થઈ જાય તે સંભાવના ખૂબ મજબૂત છે અને તે પાસું બંને કંપનીઓ માટે ખૂબ જ પોઝિટીવ હશે અને તે દૃષ્ટિકોણથી રૂ. ૬૩વાળો **આઈડીબાઈઆઈ બેન્ક**નો શેર સહેજ લોંગટર્મ એંગલથી જાળવી શકાય.

તેવી જ રીતે **એચડીએફસી બેન્ક**માં પણ જોરદાર ઉછાળાની સંભાવના દર્શાવેલી. એચડીએફસી બેન્ક અત્યારે રૂ. ૨૧૨૦ ઉપર મળી રહ્યો છે અને આગામી દિવસોમાં જે રીતે એચડીએફસી બેન્ક પરદેશમાંથી જંગી ભંડોળ ઊભું કરવાની છે તે જોતાં આ શેરમાં રૂ. ૨૪૦૦ના ભાવનું લક્ષ્યાંક છે અને થોડાં શેરો લઈને મૂકી દેવાય.

**ઈન્ડસઈન્ડ બેન્ક**માં હજી અપેક્ષા મુજબનો ઉછાળો નથી આવતો. આ શેર રૂ. ૨૦૦૦ મક્કમતાથી પસાર કરીને રૂ. ૨૧૦૦ ટચ થવા માટે તત્પર છે. તેમ છતાં કોઈક કારણસર તેમાં ચાલ ધીમી છે. પરંતુ જે રીતના પરિણામોના સપોર્ટ છે તે જોતાં ઈન્ડસઈન્ડ બેન્કનો શેર આ ભાવે જાળવી રખાય. ઉછાળો આવશે ત્યારે એકદમ તીવ્ર છે તે પણ નક્કી છે.

**કોટક બેન્ક**ના શેરમાં અત્યારે શોર્ટટર્મ નબળાઈનો તબક્કો ચાલી રહ્યો છે. ગયા અંકમાં તો શોર્ટ સેલ કરવામાં પૈસા મળશે તેમ દર્શાવેલું અને તે મુજબ કોટક બેન્ક ઘટીને રૂ. ૧૨૭૯ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં હજી આ શેરમાં નાના ઘટાડાની જગ્યા છે. લગભગ રૂ. ૧૨૪૦ આસપાસ ટ્રેન્ડ બદલાય તે સંભાવના મજબૂત છે.

રૂ. ૧૪૦ના ભાવે **ડીસીબી બેન્ક**નો શેર કવર કરી શકાય અને તે શેરમાં પણ ઝડપી ઉછાળાની જગ્યા છે. જ્યારે રૂ. ૧૭૯ના ભાવે મળતો **સીટી યૂનિયન બેન્ક**નો શેર પણ કવર કરી શકાય અને સીટી યૂનિયન બેન્કમાં શોર્ટટર્મ ખેલાડીઓ રૂ. ૨૨૦નો ભાવ લાવ્યા છે.

**એક્સિસ બેન્ક**માં પણ પ્રથમ ક્વાર્ટરના નબળા પરિણામો પછી સેન્ટીમેન્ટ બદલાશે તેમ કહ્યું હતું. એક્સિસ બેન્ક અત્યારે રૂ. ૬૨૦ ઉપર આવી ગયો છે અને જોતજોતાંમાં રૂ. ૬૪૦નો ભાવ જોવા મળે તોપણ નવાઈ નહીં લાગે. શેર જાળવી રખાય. એક્સિસ અને આઈસીઆઈસીઆઈ આ ભાવે ૧૨ મહિના જાળવનારને જોરદાર રિટર્ન આપી શકશે.

રૂ. ૬૪૩ના ભાવે **એયુ સ્મોલ ફિનાન્સ બેન્ક**નો શેર ખૂબ ઊંચો છે. જૂનું રોકાણ ભલે જાળવી રાખો. પરંતુ આવા ઊંચા ભાવે એયુ સ્મોલ ફિનાન્સ બેન્કનો શેર પકડવો તેને બદલે એક્સિસનો શેર શા માટે લેવો અથવા તો ડબલ આઈસીઆઈસીઆઈ બેન્ક શા માટે ના લેવા ?

**બંધન બેન્ક**નો શેર અત્યારે રૂ. ૫૨૯ ઉપર આવી ગયો છે અને તે શેરમાં પણ નાનું રોકાણ કરી શકાય. આગામી દિવસોમાં આ શેરમાં જોરદાર ઉછાળાની ગણતરી છે.

રૂ. ૫૬૮ના મફતના ભાવે મળતો **આરબીએલ બેન્ક**નો શેર કવર કરતા જજો. છેલ્લાં ઘણાં દિવસોથી આ શેરમાં ખાસ કોઈ મૂવમેન્ટ નથી. પરંતુ આ બેન્કનો ટ્રેક રેકોર્ડ જોતાં તોફાની ઉછાળો આપી જશે.

**સાઉથ ઈન્ડિયન બેન્ક**ના જૂન ક્વાર્ટરના નબળા પરિણામો પછી શેર અત્યારે રૂ. ૧૮ ઉપર આવી ગયો છે અને આ લેવલથી બોટમ આઉટ થઈને તેમાં ઝડપી ઉછાળાની ગણતરી છે. થોડાંક સાઉથ ઈન્ડિયન બેન્ક લઈને મૂકી દેજો. ૧૨ મહિને પણ રૂ. ૩૨નો ભાવ આવે તો શું ખોટું ?

રૂ. ૩૮૧ના ભાવે **યસ બેન્ક**નો શેર પણ એકદમ મફત છે અને આ ભાવે પણ નાનું રોકાણ કરી દેવાય. યસ બેન્ક આગામી દિવસોમાં પરિણામોના જોરદાર સપોર્ટ સાથે રૂ. ૪૨૨-૪૩૦ થઈ જવાની ગણતરી છે. લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે પણ યસ બેન્ક જાળવી રાખશો તો ન્યાલ કરી આપશે.

નાની પ્રાઈવેટ સેક્ટર બેન્કમાં રૂ. ૧૨૩ના ભાવની **કર્ણાટક બેન્ક**નો શેર તદ્દન મફત છે. નાનું રોકાણ કરી શકાય. આગામી દિવસોમાં કર્ણાટકમાં ધીરે ધીરે રૂ. ૧૪૪ના ભાવની સંભાવના છે. જ્યારે નવેક મહિનામાં રૂ. ૧૮૦-૨૦૦નો ભાવ આવી જવાની ગણતરી.

આ તબક્કે સરકારી બેન્ક શેરોમાં જોરદાર ફેન્સી વધી રહી છે. સરકાર નાની મોટી બેન્કોનું મર્જર કરી શકશે કે કેમ તે એક પ્રશ્ન છે. પરંતુ આ બેન્કોના બેલેન્સશીટ ચોખ્ખા કર્યા વગર સરકાર પાસે અન્ય કોઈ વિકલ્પ નથી. અત્યારે બેલેન્સશીટ ચોખ્ખા કરશે તો આવતી ચૂંટણી પહેલાં ફરી કરોડો રૂપિયાની ખાયકી કરીને પૈસા કાઢી શકાશે અને પોતાના સ્વાર્થ માટે જ બેલેન્સશીટને ચોખ્ખા કરવા જરૂરી કહી શકાય અને તે રીતે રૂ. ૮૩ના ભાવે મળતો **પંજાબ નેશનલ બેન્ક** એકદમ મફત છે અને તેમાં નાનું રોકાણ કરી શકાય. તેવી જ રીતે રૂ. ૯૮ના ભાવે મળતો **બેન્ક ઓફ ઈન્ડિયા**નો શેર પણ સાવ મફત છે અને તેમાં પણ થોડું રોકાણ કરી દેવું ખોટું નહીં. જ્યારે રૂ. ૧૫૪માં **બેન્ક ઓફ બરોડા** અને ફક્ત રૂ. ૨૮ના ભાવનો **કોર્પોરેશન બેન્ક** પણ મફત કહી શકાય અને તે શેરમાં નાનું રોકાણ કરી શકાય.

વિવિધ સરકારી બેન્કોમાં અત્યારે **ઈન્ડિયન બેન્ક** સૌથી મજબૂત છે અને તેનો રૂ. ૩૫૭નો ભાવ સ્ટેટ બેન્ક કરતાં પણ ઊંચો ચાલે છે. દક્ષિણ ભારતની આ બેન્કમાં આ તબક્કે રોકાણ કરવું ખોટું નહીં.

જે રીતે મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી ફોલિયો વધી રહ્યા છે અને એસઆઈપીના માધ્યમથી જંગી ભંડોળ ઠલવાય છે તે જોતાં એસેટ મેનેજમેન્ટ શેરો ઉપર ફોકસ જાળવી રખાય. લિસ્ટીંગ પછી રૂ. ૧૮૦૦ ગયેલા **એચડીએફસી એસેટ મેનેજમેન્ટ**ના શેરમાં આગામી દિવસોમાં નબળાઈ અને પ્રોફીટ બુકીંગ જોવા મળવાની ગણતરી છે. શેર અત્યારે ઘટીને રૂ. ૧૭૪૭ થયો છે અને આગામી દિવસોમાં હજી પ્રોફીટ બુકીંગનો ટ્રેન્ડ જળવાઈ રહેવાની સંભાવના છે. પરંતુ આ ટ્રેન્ડ લગભગ ૧થી ૨ મહિના વચ્ચે રહેશે અને તે પછી સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા નજીક આવશે ત્યારે આ શેરમાં ઝડપી ઉછાળો જોવા મળવાની ગણતરી છે.

રૂ. ૨૪૩ના ભાવે મળી રહેલો **રિલાયન્સ નિપોન એસેટ મેનેજમેન્ટ**નો શેર એકદમ મફત છે અને તે શેરમાં નાનું રોકાણ કરી શકાય.

તેવી જ રીતે ફક્ત રૂ. ૧૪ના ભાવે મળતો **આઈએલ એન્ડ એફએસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ**નો રૂ. ૧૪વાળો શેર ધ્યાનમાં રખાય. કોઈક મોટા માથાં દ્વારા ટેકઓવર થવાની સંભાવના છે અને રૂ. ૧૪ના ભાવે ખોવાનું શું ? ૧૦૦-૨૦૦ શેર થોડાં મહિના જાળવવાની તૈયારી સાથે લઈને મૂકી દેજો. તેવી જ રીતે **શ્રીરામ એસેટ મેનેજમેન્ટ**નો શેર અત્યારના રૂ. ૯૬-૯૭ના ભાવે લઈને મૂકી દેવાય. શ્રીરામ ગ્રૂપની કંપની છે અને તેમાં પણ કોઈક મોટા ગ્રૂપ સાથે હાથ મિલાવી દેવાય તે સંભાવના મજબૂત છે. નાનું રોકાણ કરીને મૂકી દેવાય. જોખમ નહિવત્ છે.

ઈન્સ્યોરન્સ સેક્ટરમાં પણ આગામી દિવસોમાં સુંદર ઉછાળાની ગણતરી છે અને આ શેરો ઉપર પણ ફોકસ વધારી શકાય.

**આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલ લાઈફ**નો શેર અત્યારે રૂ. ૪૧૫ ઉપર આવી ગયો છે અને જે રીતે આ ગ્રૂપ તરફનું સેન્ટીમેન્ટ ધીમો સુધારો બતાવે છે તેની સીધી અસર આઈસીઆઈસીઆઈ પ્રૂ લાઈફના શેર ઉપર દેખાશે. થોડાં દિવસો પહેલાં જ આ શેરમાં બાવન અઠવાડિયાનું બોટમ રૂ. ૩૪૭ બન્યું હતું અને તે પછી આ શેરે રૂ. ૬૮નો ઉછાળો આપી દીધો છે અને આગામી દિવસોમાં પણ આ શેરમાં તોફાની ઉછાળાની ગણતરી છે.

આ ગ્રૂપની જનરલ ઈન્સ્યોરન્સ કંપની **આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ**નો શેર અત્યારે રૂ. ૭૭૭ ઉપર આવી ગયો છે અને આ શેરમાં રૂ. ૮૭૨નું ટોપ બન્યું હતું. જે રીતે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના પ્રિમિયમમાં ઉછાળાનો ટ્રેન્ડ છે તેને કારણે આ શેરમાં આકર્ષણ જોવાશે અને તેમાં નાનું રોકાણ જાળવી શકાય.

**એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ**ના શેરમાં અત્યારે કરેક્શનનો ટ્રેન્ડ શરૂ થયો છે. આ શેરમાં એપ્રિલ મહિનામાં રૂ. ૭૭૪નું ટોપ અને તે પછી જુલાઈ-૨૦૧૮માં રૂ. ૬૨૫નું બોટમ બન્યું હતું અને આ રીતની વોલેટાલિટી દર્શાવ્યા પછી શેર હવે કરેક્શન અને પ્રોફીટ બુકીંગના તબક્કામાં છે. અત્યારે રૂ. ૬૭૨ ઉપર છે અને ટૂંકા ગાળામાં આ શેરમાં ભાવ ઘટતો જાય તે સંભાવના મજબૂત છે. **જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન**ના શેરમાં લાંબો કસ નથી. રૂ. ૩૪૬વાળા આ શેરમાંથી નીકળી જવાય. તેવી જ રીતે **એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ** અત્યારે રૂ. ૪૬૫ ઉપર છે અને આ કંપનીની કામગીરી ધ્યાનમાં રાખીએ તો શોર્ટટર્મમાં તેમાં ખાસ વધઘટની સંભાવના નથી દેખાતી. પરંતુ લોંગટર્મ એંગલથી શેર જાળવી શકાય.

**ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સ**ના શેરમાં લાંબો કસ નથી દેખાતો. ન્યૂ ઈન્ડિયાનો શેર અત્યારે રૂ. ૨૭૪ ઉપર છે અને બાવન અઠવાડિયામાં તેણે રૂ. ૨૫૯નું બોટમ તાજેતરમાં જ બતાવ્યું હતું. આગામી દિવસોમાં આ શેરમાં નબળાઈ ચાલુ રહેશે તે સંભાવના મજબૂત છે. આ કંપની દ્વારા જે રીતે વિવિધ પ્રકારના પ્રિમિયમોમાં લૂંટફાટ ચલાવાઈ છે તે જોતાં અસંખ્ય ગ્રાહકો બીજી કંપનીમાં શિફ્ટ થઈ જાય તે સંભાવના મોટી છે. આ ઉપરાંત અન્ય કોઈ નકારાત્મક સમાચાર બહાર આવે તે સંભાવના પણ નકારી ના શકાય. દૂર જ રહેવું સલાહભરેલ.

એક્સચેન્જ શેરો છેલ્લાં ઘણાં સમય સુધી નરમ રહ્યા પછી હવે તેમાં ધીમો સુધારાનો ટ્રેન્ડ શરૂ થયો છે. દેશના પ્રથમ કોમોડિટી એક્સચેન્જ તરીકે સ્થાન ધરાવતા **એમસીએક્સ**માં રૂ. ૬૭૨ના બોટમ ઉપરથી વધીને ભાવ રૂ. ૮૭૯ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં ધીરે ધીરે આ શેરમાં રૂ. ૧૦૦૦નો ભાવ આવવાની ગણતરી છે. જ્યારે કેવળ એનએસઈ ઉપર લિસ્ટીંગ ધરાવતી **બીએસઈ ઈન્ડિયા**નો શેર પણ અત્યારે રૂ. ૭૯૪ ઉપર આવ્યો છે. આ શેરમાં રૂ. ૭૨૬નું બોટમ માર્ચ મહિનામાં બન્યું હતું. સોલિડ ફંડામેન્ટલવાળા બીએસઈના શેરમાં રોકાણ જાળવી શકાય.

**સીડીએસએલ** અત્યારે રૂ. ૨૬૮ ઉપર છે અને રૂ. ૨૫૧ના બોટમથી ધીરે ધીરે તેમાં સુધારાનો ટ્રેન્ડ જોવાય છે. અગાઉ આ શેરે રૂ. ૪૦૦નું ટોપ બતાવેલું અને તેમાં રોકાણ જાળવી શકાય.

રેટિંગ એજન્સી શેરો સતત ઊંચા વેલ્યુએશન ઉપર જ જળવાઈ રહ્યા છે અને તેમાં **ક્રિસિલ**નો શેર અત્યારે ૫૩ના પીઈ રેશિયો સાથે રૂ. ૧૭૭૨ ઉપર છે. આ શેરમાં ફેબ્રુઆરીમાં રૂ. ૨૦૨૩નું ટોપ અને મે-૨૦૧૮માં રૂ. ૧૬૦૮નું બોટમ બન્યું હતું અને બોટમ આઉટ થયા પછી હવે આ શેર તેજીતરફી થયો છે અને તેમાં રોકાણ જાળવી શકાય. અન્ય રેટિંગ કંપની **ઈકરા** અત્યારે રૂ. ૩૬૫૦ ઉપર છે અને ક્રિસિલની સરખામણીમાં આ શેર હંમેશાં નીચા વેલ્યુએશન ઉપર જ રહ્યો છે. આગામી દિવસોમાં આ શેરમાં પણ ધીરે ધીરે ભાવ સુધરવાની સંભાવના મજબૂત છે. જ્યારે **કેર રેટિંગ**ના શેરમાં પણ રૂ. ૧૩૨૪ના ભાવે રોકાણ જાળવી શકાય. વાસ્તવમાં ત્રણેય રેટિંગ એજન્સીઓમાં કેરનો શેર તદ્દન મફત છે અને તેથી ૬૬ ટકા રોકાણ ક્રિસિલના શેરમાં જ્યારે ૩૪ ટકા રોકાણ કેર રેટિંગના શેરમાં કરવું ખોટું નહીં.

ફિનાન્સ કંપનીઓના શેરોમાં પ્રોત્સાહક કામગીરીના સપોર્ટ પછી રોકાણકારોનું આકર્ષણ વધતું જાય છે અને તેમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ માટે ધિરાણ આપતી **બજાજ ફિનાન્સ**નો શેર આગામી દિવસોમાં તોતિંગ રિટર્ન આપવાનું ચાલુ રાખે તે સંભાવના ખૂબ મજબૂત છે. બજાજ ફિનાન્સ અત્યારે રૂ. ૨૮૨૫ ઉપર છે અને ૬૦ના પીઈ રેશિયો ઉપર શેર ચાલી રહ્યો છે. શોર્ટટર્મમાં હજી નાના ઉછાળાની જગ્યા છે. પરંતુ રૂ. ૨૯૦૦આસપાસ આંશિક પ્રોફીટ બુકીંગ શરૂ કરી શકાય. આ વખતના ઉછાળામાં રૂ. ૩૦૦૦ ઉપર ભાવ જવાની સંભાવના મજબૂત છે. બજાજ ગ્રૂપની ફિનાન્સિયલ બિઝનેસની હોલ્ડિંગ કંપની **બજાજ ફિનસર્વે** આખરે રૂ. ૭૦૦૦નું લેવલ પસાર કરી નાંખ્યું અને આગામી દિવસોમાં હજી આ શેરમાં તોતિંગ ઉછાળાની ગણતરી છે. પીઈ રેશિયોની દૃષ્ટિએ આ શેર કોઈ રીતે ખરીદવા યોગ્ય નથી પરંતુ આ કંપનીની પેટા કંપનીનો આઈપીઓ અપેક્ષિત છે અને તે પાછળ આ શેરમાં ફેન્સી જળવાઈ રહી છે. રોકાણ જાળવી શકાય.

બજાજ ગ્રૂપની અલ્ટીમેટ હોલ્ડિંગ કંપની **બજાજ હોલ્ડિંગ**ના શેરે આખરે રૂ. ૩૦૦૦નું લેવલ પસાર કરી નાંખ્યું. છેલ્લાં ૩ અંકઓથી બજાજ હોલ્ડિંગના શેર ઉપર ફોકસ કરવાનું દર્શાવીએ છીએ અને જે રીતે આ કંપનીના તમામ બિઝનેસો જોરદાર ચાલી રહ્યા છે તે જોતાં આ શેરમાં હજી પણ મોટા ઉછાળાની ગણતરી છે. વાસ્તવમાં બજાજ હોલ્ડિંગનો શેર શોર્ટટર્મ માટે નહીં પરંતુ લોંગટર્મ એંગલ માટે લેવાનો છે એટલે ૨-૫ શેર લઈ ૧ વર્ષ માટે ભૂલી જશો તો સુંદર રિટર્ન મળશે.

ટ્રાન્સપોર્ટ સેક્ટર માટે ધિરાણ આપતી **શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફિનાન્સ**નો શેર અત્યારે રૂ. ૧૪૨૦ ઉપર છે અને આ સેક્ટરના ૩૭ના વેલ્યુએશન સામે શ્રીરામ ટ્રાન્સપોર્ટનો શેર કેવળ ૧૯ના પીઈ રેશિયો ઉપર મળી રહ્યો છે. થોડુંક પ્રોફીટ બુકીંગ જોવાયા પછી આ શેરમાં ઝડપી ઉછાળાની ગણતરી છે. એટલે શોર્ટટર્મ ટ્રેન્ડ અવગણીને થોડાં થોડાં શેર કવર કરવા ખોટા નહીં. જ્યારે **શ્રીરામ સીટી યૂનિયન** કે જે ટુ વ્હીલર અને અન્ય બિઝનેસો માટે ધિરાણ આપે છે તેનો શેર રૂ. ૨૪૫૩ના ટોપ ઉપરથી ઘટીને અત્યારે રૂ. ૨૦૦૦ના ભાવે મળે છે અને તેમાં થોડું રોકાણ કરી શકાય. આગામી દિવસોમાં આ શેરમાં પણ સુંદર ઉછાળાની ગણતરી છે.







શાંસ ચિત્ત મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસ,
અકળંમણ, ગુસ્દૈં તૂર કરે સે મંટે વૈઇંનિક ઢબે સૈયંર થૈંસુ ક્રૈંદવર્ડ મેગેઝીન

મજામારી ભેજામારી

નિવૃત્ત લૈંકૈં, ગૃહિણીઐં, બંળકૈં, ચંલીદીમાં પ્રવેશી ચૂકેલંઐં મંટે બેસ્ટ

તર બુધવંરે, કૈંપી બુક કરવૈં





# DYNAMIC INDUSTRIES LIMITED

**CIN : L24110GJ1989PLC011989**
**Regd. Office: Plot No. 5501/2, Phase-III, Nr. Trikampura Cross Road, G.I.D.C. Vatva, Ahmedabad - 382 445**
**Tel.: 91-79-25897221-22-23, +918000747738, Fax : 91-79-25834292, 25897232**
**Email: admin@dynaind.com**

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter ended on 30th June, 2018**

**(Rs In Lakhs except earning per share)**

| PARTICULARS | Quarter Ended on 30.06.2018 | Corresponding quarter ended in the previous year 30.06.2017 | Previous Year ended 31.03.2018 |
|---|---|---|---|
| | Un-audited | Un-audited | Audited |
| Total Income from the operations | 2150.01 | 1445.95 | 5960.27 |
| Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 173.74 | 90.43 | 427.94 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/ or Extraordinary items) | 173.74 | 90.43 | 427.94 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 125.53 | 67.19 | 300.26 |
| Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other comprehensive Income (after tax)] | 124.38 | 67.39 | 300.83 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (as shown in the Balance Sheet of previous year) | | | 4131.13 |
| Earning per share (of Rs10 each) (for continuing and discontinued operations) | | | |
| Basic : | 4.14 | 2.22 | 9.91 |
| Diluted : | 4.14 | 2.22 | 9.91 |

**Notes to the Unaudited Financial Results for the Quarter ended 30th June, 2018**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).
2. The above financial results of the Company were reviewed by the Audit Committee in its meeting held on August 10, 2018. The Board of Directors in its meeting held on August 10, 2018 approved the same and also Limited Review of results for the quarter ended 30th June, 2018 were carried out by the Statutory Auditors.
3. The company has only one segment of activity named "Chemicals" i.e. Dyes, Dye Intermediates and Pigments.
4. Figures of the previous quarter/period have been regrouped, wherever necessary.

**For, Dynamic Industries Limited**
**Sd/-**
**Dipakkumar Choksi**
**Chairman & Whole Time Director**
**DIN: 00536345**

**Date : 10th August, 2018**
**Place : Ahmedabad**